# કોટેશ્વરની કરોડોની જમીનના ડખામાં ફરીયાદ નોંધાતા ૭ શખ્સોનો વડીલ પર હુમલો

### ફરીયાદ કરનાર ખેડુતની બાજુમાં રહેતા વડીલને ખોટી ફરીયાદ કરાવો છો કહી હુમલો કર્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર આસપાસ વધી રહેલા જમીનના ભાવને પગલે ભુમાફિયા સક્રિય બન્યા છે. ખેડુતોની કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવા માટે ભુમાફિયા કારસો ઘડી કાઢે છે. ત્યારે ભાટ નજીક આવેલા કોટેશ્વરની કરોડોની જમીન પચાવી પાડવા માટે ૪ ઈસમોએ ખોટું બાનાખત કર્યુ હતું. જે અંગે અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે. જેને પગલે ફરિયાદી ખેડુતના પાડોશી પર હુમલાની ઘટના બની છે. જમીન અંગે ચર્ચા માટે બોલાવીને ૬૦ વર્ષિય ખેડુત પર ૭ શખ્સોએ તુ અમારા પર ખોટી ખોટી ફરીયાદ કરાવી હેરાન કરાવે છે કહીને હુમલો કર્યો હતો. જેને પગલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોટેશ્વર પટેલવાસમાં રહેતા ઉમેશભાઈ હરગોવનભાઈ પટેલ (ઉં.વ.૬૦) ની પાડોશમાં રહેતા કાંતિભાઈ પટેલે શુક્રવારે બપોરે ચાર ઈસમો સામે જમીન અંગે ફરીયાદ નોંધાવી હતી. જે બાદ રાત્રે ૮ વાગે ઉમેશભાઈ પર નભોઈ ગામના ડેપ્યુટી સરપંચ જશુજી ઠાકોરે ફોન કરીને કહ્યું હતુ કે તમારા પાડોશી કાંતિભાઈ પટેલની જમીનના પાવર તેમજ દસ્તાવેજ કરાવવા જરુરી ચર્ચા માટે જમીન દલાલ આવે છે. જેને પગલે રાત્રીના સાડા નવ વાગ્યાના સુમારે જેથી ઉમેશભાઈ ગામના બીજા બે નાગરીકો સાથે ત્યાં ગયા હતા. જે બાદ બે શખ્સો આવ્યા હતા.તેઓની સાથે જમીન અંગે ચર્ચા ચાલતી હતી. ત્યારે બકાભાઈ રબારી નામનો શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો અને તુ અમારા ઉપર ખોટી ખોટી ફરીયાદો કરાવે છે કહીને ઝઘડો શરુ કર્યો હતો. તેણે બુમ પાડતા બીજી કારમાંથી પાંચ જેટલા શખ્સો હાથમાં લાકડીઓ લઈને આવેલા અને ઉમેશભાઈ પર તુટી પડ્યા હતા. જયારે ઉમેશભાઈની સાથે આવેલા નાગરીકોએ તેમને છોડાવ્યા હતા. હુમલાખોર એ જતા જતા ખેડુતને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ખેડુતને ખાનગી દવાખાના સારવાર માટે લઈ જવાતા તેમને જમણા પગે તેમજ હાથે ફ્રેકચર હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે ઉમેશભાઈએ બકા રબારી તેમજ છ અજાણ્યા શખ્સો મળી કુલ સાત સામે અડાલજ પોલીસ મથકમાં મારામારી અને ધમકીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જો મે ગ્રુપ બનાવ્યું છે... ટ્રાફીક પોલીસ ક્યાં ક્યાં ઊભી છે તેનું... આપણે ઘરે બેઠા દંડની રકમ બચાવીને મહિને હજારો રૂપિયા બચત કરી શકીશું...

# કુડાસણની જમીનમાં ડખો ઉભો કરતી ટોળકી સામે ફરીયાદ નોંધવા ખેડુતની રજુઆત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં વધી રહેલા જમીનના ભાવને લઈ ભોળા ખેડુતોની કરોડો રૂપીયાની કિંમતની જમીનમાં ડખો ઉભો કરીને તેમાંથી કરોડો રૂપીયા કમાઈ લેવાનો નવો ધંધો શરુ થયો છે. આ નવા ધંધામાં તંત્રના અધિકારીઓની પણ મિલી ભગત હોઈ શકે છે. ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ શહેરને અડીને આવેલા કુડાસણના ખેડુત કાળુસિંહ રજુજી ચૌહાણે જિલ્લા પોલીસ વડાને ફરીયાદ કરી છે કે કુડાસણ ગામમાં સર્વે નં. ૪૩૬,૪૩૭, અને ૪૧૦ અ વાળી વડીલોપાર્જીત જમીન આવેલી છે જેમાં ૨૦ સહમાલિક છે તેમના ભાઈ ભરતસિંહ રજુજી ચૌહાણના હિસ્સા પુરતુ તા. ૧૭-૭-૧૮ ના તા.૪-૮-૧૮ સુધી તરંગ આર દવે (નોટરી)સાબરમતિ મધ્યસ્થ જેલમાં હોવા છતા તા.૩૦-૭-૧૮ બોગસ બનાખત કરાર તેમજ સોગંદનામું ઉભુ કરવામાં આવ્યું છે. આ અંગે ખેડુત સામે દાવોકરવામાં આવતા કાળુસિંહે ભરતસિંહને આ અંગે પુછતા તેમણે કોઈપણ પ્રકારનો બાનાખત કે સોગંદનામા નહી કર્યા હોવાનું જણાવ્યું હતું. ભરતસિંહ ચૌહાણના ભાગની આ જમીન દેવેન્દ્રભાઈ લાલજીભા કલોતરા (રબારી) રહે.ગોકુલનગર રબારી નેસ સુરેન્દ્રનગર, વિપુલકુમાર શંકરલાલ મેવાડા, રહે સુથારવાસ પાલનપુર, વિષ્ણુભાઈ એમ.દેસાઈ રહે.૫૯ ચંદ્ર ટેનામેન્ટ જશોદાનગર, તરંગ રોહિત દવે રહે.પુજા એપાર્ટમેન્ટ આંબાવાડી, અમદાવાદ અને ભગવાનદાસ આર પરમાર રહે.અમદાવાદ દ્વારા ખોટા સહીસિક્કા કરીને તેમજ અંગુઠા કરીને નોટરીના ચોપડેમાં સહી લીધા વિના બાનાખત તૈયાર કર્યો હોવાની ગંભીર રજુઆત કરી છે. જો કે આ ગંભીર મામલે હજુ સુધી ઈન્ફોસીટી પોલીસે કોઈ ગુનો નોંધ્યો નથી. ખેડુત સાથે જયાં સુધી આ ટોળકીના સભ્યો માંડવાળ નહી કરે ત્યાં સુધી પોલીસને ગુનો નોંધવામાં રસ નહીં હોય તેમ લાગી રહ્યું છે.

# અંધશ્રદ્ધા-કુરૂઢિ નિર્મૂલન સંદેશ આપતી શાશ્વત ગાંધી કથા યોજાઈ

### ડો. આંબેડકર હોલ ખાતે વક્તા ડો. યોગેન્દ્ર પારેખે માર્મિક શૈલીમાં મહાત્મા ગાંધીજીના જીવન-કવન આધારિત પ્રસંગો પ્રસ્તુત કર્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે તા. ૨૧મી સપ્ટેમ્બર શનિવારે રાત્રે અબોલા પશુ પ્રાણીઓના લાભાર્થે ગુજરાત રાજ્ય સંગીતનાટક અકાદમીના સહયોગથી ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ અને જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ''શાશ્વત ગાંધી કથા''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વક્તા ડૉ. યોગેન્દ્ર પારેખે ગાંધીજીના બાળપણથી લઈને મહાત્મા ગાંધી બનવા સુધીના જીવનકવન આધારિત રસપ્રદ પ્રસંગોને પ્રાસંગિક સમયને સાંકળી લઈ પૂ. બાપુના સંદેશને પાઠવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો. કાર્યક્રમનું રસપ્રદ સંચાલન શહેરના જાણીતા હાસ્યકાર હરપાલસિંહ ઝાલાએ કર્યુ હતુ.




અત્યારના આધુનિક સમયમાં પણ સમાજમાં વ્યાપી રહેલી અંધશ્રદ્ધા તથા ગેરસમજો અંગે હળવા માર્મિક અંદાજથી ડૉ. યોગેન્દ્ર પારેખે ગાંધીજીના પ્રેરક પ્રસંગોના ઉદાહરણ સાથે ગાંધી વિચારને પ્રસ્તુત કર્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું હતુ કે 'જે ધરતી પર પૂ. બાપુ જન્મ્યા અને જેમણે જે ધાર્મિક અંધશ્રદ્ધાઓ તથા સામાજિક કુરૂઢિઓ દૂર કરવા જીવન ઘસી નાંખ્યુ તે દેશમાં હજુ પણ પ્રવર્તી રહેલી અંધશ્રદ્ધા આશ્ચર્ય જન્માવે છે.' કાર્યક્રમમાં ઉર્મિમાં ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિવેકા પટેલ અને જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટના પ્રમુખ મહેશ જીરાવાલાએ મહેમાનોનુ સ્વાગત-સન્માન કર્યુ હતુ. કાર્યક્રમમાં શાસ્ત્રીબંધુની જોડીએ મધુરા ગાંધી પ્રિય ગીતોનું સંગીત પીરસ્યુ હતુ તથા યુવા લેખક અભિજીત મહેતાના પુસ્તક 'કુછ રંગ જીંદગી કે'નું વિમોચન કરાયું હતું.

# સરગાસણ ચોકડી નજીક એકટીવા પતરા સાથે અથડાતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

ન્યુ ગાંધીનગરના સરગાસણ ચોકડી પાસે ઉભા કરાયેલા પતરા સાથે એકટીવા ચાલક ગત્ રાત્રીના સમયે અથડાતા યુવાનનું મૃત્યું નિપજયું છે. યુવાન સરગાસણ ચોકડીથી રાણીપ જઈ રહ્યો હતો તે સમયે અકસ્માત સર્જાયો હતો. માર્ગ પર પટકાતા યુવાનને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન આશાસ્પદ યુવકનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ફરીયાદ લઈને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચાણસ્મા તાલુકાના રામગઢ ગામના ભાવિક ખોડાભાઈ પટેલ અમદાવાદ રાણીપ ખાતે બી ૨૦૧ ગ્લેરા સોસાયટીમાં પોતાના પરિવાર સાથે રહેતા હતા અને કોન્ટ્રાકટરનો વ્યવસાય કરતા હતા. સરગાસણ થી અડાલજ તરફના હાઈ-વે માર્ગનું કામ ચાલી રહ્યું છે. જેને પગલે સરગાસણ ચોકડી પાસે આડશરુપે મોટા પતરા ઉભા કરીને મુકવામાં આવ્યા છે. ત્યારે યુવાન ભાવિક પોતાનું એકટીવા નં.જી.જે.૦૧.એમ.ઝેડ.-૭૨૪૪ લઈને સરગાસણ ચોકડીથી રાત્રીના સાડાનવા વાગ્યાના અરસામાં અડાલજ તરફના માર્ગ પર જઈ રહ્યા હતા. ત્યારે સરગાસણ ચોકડીથી થોડાક અંતરે જ તેમનું એકટીવા અચાનક પતરા સાથે અથડાયું હતું. આ અકસ્માતને પગલે એકટીવા ચાલક યુવાન નીચે પટકાતા માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે એકઠા થયેલા નાગરીકોએ તાત્કાલીક ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્ત યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જયા સારવાર દરમિયાન રાણીપના આશાસ્પદ યુવાન કોન્ટ્રાકટરનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. બનાવની જાણ થતા પરિવારજનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પરંતુ યુવાનના મૃત્યુંની જાણ થતા પરિવારના રૂદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. અકસ્માતને પગલે મૃતકના નાનાભાઈ સતીષ પટેલની ફરીયાદને પગલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં વડનગરા નાગર પરિવાર દ્વારા અખિલ ગુજરાત બેઠા ગરબા સ્પર્ધા યોજાઈ

### સ્પર્ધામાં પ્રથમ ક્રમે આરાધના મંડળ રાજકોટ, દ્વિતીય ક્રમે નાગર સેતુ વડોદરા, તથા તૃતિય ક્રમે રણકાર ગાંધીનગર

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર વડનગરા નાગર પરિવાર દ્વારા આજે સે. ૨૩ સ્થિત ખીમજી વિશ્રામ હોલમાં પરંપરાગત બેઠા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠા ગરબા સ્પર્ધામાં રાજકોટ, જામનગર, અમદાવાદ, ભરૂચ, વિદ્યાનગર, વડોદરા અને ગાંધીનગર સહિતના વિસ્તારમાંથી ૧૬ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. શહેરમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી માટે સૌ કોઈ ઉત્સુક છે ત્યારે આજે ગાંધીનગરના આંગણે યોજાયેલી આ બેઠા ગરબા સ્પર્ધા ગરબા રસિકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. મંચ પરથી પ્રસ્તુત થતી માતાજીના ગરબાની પરંપરાગત અને ભવ્ય કૃતિઓ રજૂ થઈ હતી. નાગર પરિવારો સહિત નગરના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓએ મનભરીને આ કાર્યક્રમ માણ્યો હતો. સ્પર્ધાના અંતે પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનાર ટીમને ઈનામથી નવાજવામાં આવી હતી.





આ કાર્યક્રમમાં માડી તમે આવો તો રમઝટ, હોય કે ના હોય મને અંબા દેખાય અને અલબેલા તેજમાં અજવાળા જેવા બેઠા ગરબા રજૂ કરવામાં આવ્યા હતા. સૌ પ્રથમવાર યોજાયેલ નવરાત્રી પૂર્વના બેઠા ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે આરાધના મંડળ રાજકોટ, દ્વિતીય ક્રમે નાગર સેતુ વડોદરા, તથા તૃતિય ક્રમે રણકાર ગાંધીનગરે મેળવ્યો હતો.




આ કાર્યક્રમમાં સલીલ મહેતા, કૃષ્ણકાન્ત જહા, માલવ દિવેટીયા તથા મયંક દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે નગરના અગ્રણીઓ જાણીતા કલાકાર અભિલાષ ઘોડા, શીવરંજની સંસ્થાના પ્રમુખ વાગ્મીન બુચ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ સુધીર દેસાઈ અને સુધીર માંકડ તથા જાણીતા વક્તા ડૉ. માર્ગી હાથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે નાગર સદગ્રહસ્તોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે જાણીતા ગરબા કલાકારો પ્રહર વોરા, મુક્તિબેન વૈષ્ણવ, ગૌરવીબેન વસાવડાએ ખાસ સેવા આપી હતી. સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ પ્રહર અંજારિયા દ્વારા તથા સ્ટેજ સંચાલન હિના મહેતા દ્વારા કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવામાં દર્પણ બુચ, દિગંત ઓઝા, કશ્યપ મહેતા, જીજ્ઞા બુચ, તરંગ હાથી, ગુંજન બુચ, કલ્યાણી વૈષ્ણવ, અનામિકા અંજારિયા, દિવ્યમ રાણા, મેધાવી ઓઝા, જયંત બુચ, નિશીત મહેતા સહિત સર્વે પદાધિકારીઓનો ખાસ ફાળો રહ્યો હતો.



ખેલ મહાકુંભ-૨૦૧૯ ગાંધીનગર જિલ્લા વિભાગ કબડ્ડી સ્પર્ધાનું ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્ય. ઉચ્ચ માધ્યમિક શાળામાં કરવામાં આવ્યું હતું. જેમાં અંડર-૧૭ અને અંડર-૧૪ તથા ઓપન વિભાગ ભાઈઓની સ્પર્ધામાં ૨૦ ટીમોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ગામના મહેમાનો તથા દાતાઓ દ્વારા કરવામાં આવ્યુ હતુ. મુખ્ય મહેમાન પદે વિષ્ણુભાઈ પટેલ વકીલ, લલિતસિંહ ઠાકોર, જૈમિન પટેલ, જયંતિભાઈ પટેલ ડે. સરપંચ, નટુભાઈ પટેલ પત્રકાર તેમજ અતિથિવિશેષ તરીકે કિરણભાઈ પટેલ, આર.કે. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં અંડર-૧૭ પ્રથમ નંબરે કલોલ, બીજા નંબરે ગાંધીનગર, ત્રીજા નંબરે દહેગામે પ્રાપ્ત કર્યો હતો. અંડર-૧૪ પ્રથમ નંબર કલોલ વિજેતા બીજો નંબર કલોલની પસંદગી થઈ હતી. તેમજ ત્રીજા નંબર માણસા ટીમે પ્રાપ્ત કર્યો હતો.

# અરવિંદ અગ્રવાલ એપ્રિલમાં વય નિવૃત્ત થશે : મુખ્ય સચિવ તરીકે સંગીતા સિંઘની સંભાવના

## સચિવાલયના મુલાકાતીઓને હવે કાચના ગ્લાસમાં નર્મદાનું પાણી પીવા મળશે

## ગુજરાતના મુખ્યમંત્રી CS જેએન સિંહને વધુ એક એક્સટેન્શન આપવાના મૂડમાં છે

## CM રૂપાણીએ પોઇઝન-ફ્રી ઝૂંબેશ શરૂ કરીને આઉટ સૉર્સિંગથી ભરતી કરવી જોઇએ

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાતના વહીવટી વડા તરીકે સચિવાલયમાં સંગીતાસિંઘની અટકળો તેજ બની છે. ૧૯૮૬ બેચના ગુજરાત કેડરના આ મહિલા આઈએએસ અધિકારીનું નેટીવ દિલ્હી છે. તેઓ જેએનયુના સ્ટુડન્ટ પણ રહી ચૂક્યાં છે. આ સાથે ગુજરાતના કેટલાક સિનિયર આઈએએસ ઓફિસરોની નિવૃત્તિવય નજીક આવી રહી છે જેમાં રાજ્યના ચીફ સેક્રેટરી પદ માટે ઈચ્છુક અરવિંદ અગ્રવાલ એપ્રિલ ૨૦૨૦માં વય નિવૃત્ત થઈ રહ્યાં છે. તેઓ હાલ ફાયનાન્સ વિભાગમાં અધિક મુખ્ય સચિવ પદે કાર્યરત છે, તેમના હરીફ માનવામાં આવે છે તેવા મહિલા અધિકારી સંગીતાસિંઘ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પદે છે અને તેઓ ઓક્ટોબર ૨૦૨૦માં વયનિવૃત્ત થવાના છે. સચિવાલયના સૂત્રો કહે છે કે ગુજરાતમાં અનેક દાખલા એવા છે કે ચીફ સેક્ટેરી પદે નિયુક્ત થયેલા ઓફિસર ફાયનાન્સ અથવા તો ગૃહ વિભાગના વડા જોવા મળ્યા છે. ભૂતકાળમાં બલવંતસિંહ ગૃહ વિભાગના વડા હતા અને અચલકુમાર જોતિ ફાયનાન્સ વિભાગના વડા હતા. વહીવટના સુપ્રીમ પદ માટે ઓર્ડરની રાહ જોતાં બન્ને ઓફિસરો તેમની ચેમ્બરમાં મોડી સાંજ સુધી બેસી રહ્યાં હતા પરંતુ છેવટે મુખ્યમંત્રીએ અચલ કુમાર જોતિના નામનો ઓર્ડર ઈસ્યુ કર્યો હતો. ગુજરાતના સિનિયર અધિકારીઓ પૈકી સુજીત ગુલાંટી, પીકે ગેરા અને કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ પર ગયેલા ગીરીશચંદ્ર મુર્મુ આ વર્ષે નવેમ્બરમાં વયનિવૃત્ત થાય છે. સંગીતાસિંઘ પહેલાં તેમના પતિદેવ અને ૧૯૮૬ બેચના ગુજરાત કેડરના અધિકારી સંજય પ્રસાદ સપ્ટેમ્બર ૨૦૧૯માં નિવૃત્ત થવાના છે. તેમના પત્નીને ગુજરાતમાં સર્વોચ્ચ પદ મળે તેવી સંભાવના છે. ૨૦૨૦માં વયનિવૃત્ત થનારા અન્ય સિનિયર આઈએએસ અધિકારીઓમાં ડીએન પાંડે (ફેબ્રુઆરી), અતનુ ચક્રવર્તી (એપ્રિલ), પુનમચંદ પરમાર (જુલાઈ), અનિલ મુકીમ (ઓગષ્ટ), પીડી વાઘેલા (સપ્ટેમ્બર) અને મહિલા આઈએએસ અનુરાધા મલ્લ (ઓક્ટોબર) નો સમાવેશ થાય છે.

**હવે પોઇઝન-ફ્રી ફૂડનું અભિયાન ચલાવો...**

ટોબેકો અને પ્લાસ્ટીક ફ્રી ના કડક અમલ પછી ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોઈઝન-ફ્રી ફૂડનું અભિયાન શરૂ કરવાની આવશ્યકતા છે, કેમ કે આજે બજારમાં મળતાં શાકભાજી અને ફળોમાં એટલી માત્રામાં કેમિકલ હોય છે કે જે ખાવામાં ઉપયોગ કરવાથી અનેક રોગ થાય છે. ગુજરાતમાં જંતુનાશક દવાઓ અને કેમિકલમાં પકવવામાં આવતા ફળો પર પ્રતિબંધ મૂકવાની જરૂર છે. અન્ન અને કઠોળમાં થતી ભેળસેળ રોકવાની પણ એટલી જ જરૂર છે. આજે લોકોને ચોખ્ખુ દૂધ અને ઘી મળતાં નથી. આરોગ્યની સંભાળ માટે સરકાર બજેટ ફાળવે છે અને નવી નવી સ્કીમો જાહેર કરે છે પરંતુ ભેળસેળ અને કેમિકલના ઉપયોગ પર કોઈ નિયંત્રણ નથી. આપણા કાયદા છે પરંતુ તેનું પાલન કરનારો વર્ગ નથી. સરકાર એક પછી એક ઝૂંબેશ શરૂ તો કરે છે પરંતુ તેના માટે સરકારમાં અલાયદો સ્ટાફ નથી. એક નિવૃત્ત અધિકારીએ કહ્યું હતું કે ટોબેકો, પ્લાસ્ટીક અને પોઈઝન-ફ્રી અભિયાન માટે સરકારે આઉટસૉર્સિંગ કરીને સ્ટાફની ભરતી કરવી જોઈએ કે જેથી બેકાર યુવાનોને નોકરી પણ મળી રહેશે અને સરકારનો ઉદ્દેશ સફળ થશે.

**MV એક્ટ એક્ટની જવાબદારી બે મહિલાના માથે...**

ગુજરાતમાં નવા મોટર વાહન કાયદાનું પાલન શરૂ કરવામાં આવ્યું છે પરંતુ મહત્વની બાબત એવી છે કે આ નવા કાયદાની અમલવારી કરાવનાર બે મહિલા આઈએએસ ઓફિસરો છે. આ ઓફિસરોમાં એક સંગીતાસિંઘ કે જેમનું નામ રાજ્યના મુખ્યસચિવ પદ માટે સચિવાલયમાં જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે તે છે. તેઓ હાલ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પદે છે. બીજા મહિલા આઈએએસ અધિકારી સુનયના તોમર છે કે જેઓ વાહન વ્યવહાર વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી છે. સરકારે હેલમેટ અને પીયુસીનો અમલ ૧૫મી ઓક્ટોબરથી શરૂ કરવાનું નક્કી કર્યું છે પરંતુ લોકોના વ્યાપક વિરોધ વચ્ચે આ અમલની મુદત હજી પણ લંબાઈ શકે છે. સચિવાલયમાં એવું કહેવાય છે કે આ કાયદાના અમલમાં ડ્રાઈવર સીટ પર બે મહિલા અધિકારીઓ છે, જેઓ અમલ લાગુ કરવાના મૂડમાં છે. ૧૬મી સપ્ટેમ્બરે શરૂ થયેલો નવો કાયદો હાલ તો અનિશ્ચિતતા ભણી કૂચ કરી રહ્યો છે. આ કાયદાની અસરથી વાહન વ્યવહાર વિભાગની આવકમાં ત્રણ થી ચાર ગણો વધારો થઈ શકે છે. ગયા વર્ષે રાજ્યમાં ટ્રાફિક નિયમનનું પાલન કરવામાં સરકારને ૧૦૫ કરોડની આવક થઈ હતી જ્યારે આ વર્ષે નવા કાયદામાં દંડની રકમમાં વધારો જોતાં એવો અંદાજ બાંધવામાં આવ્યો છે કે વિભાગની આવક ૨૦૦ કરોડ સુધી પહોંચી શકે છે.

**CM રૂપાણી માટે સિંહ ઇઝ કિંગ છે...**

ગુજરાતના વહીવટી વડા એટલે કે રાજ્યના ચીફ સેક્રેટરી તરીકે કાર્યરત જગદીપ નારાયણ સિંહને વધુ છ મહિનાનું એક્સટેન્સન મળી શકે છે તેવી સચિવાલયમાં હવા છે. તેઓ આ વર્ષે મે મહિનામાં વયનિવૃત્ત થયા હતા પરંતુ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ભલામણના કારણે તેમને વધુ છ મહિના સુધી એટલે કે નવેમ્બર ૨૦૧૯ સુધી એક્સટેન્શન મળી ગયું છે. હવે ફરીથી તેમને ત્રણ કે છ મહિનાનું એક્સટેન્શન આપવાની વાતો ચાલે છે. સચિવાલયના સૂત્રો કહે છે કે દેશના કેટલાક રાજ્યોમાં ચીફ સેક્રેટરીને બે વખત એક્સટેન્શન મળેલા છે. જેએન સિંહ અને વિજય રૂપાણીનો તાલમેલ સારો છે. ગુજરાત સરકારની તમામ વહીવટી પ્રક્રિયા જેએન સિંહને માથે છે એટલે રૂપાણીને રાહત છે. રૂપાણી ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ જેએન સિંહ સારા સબંધો ધરાવે છે. કેન્દ્ર સરકારમાં પણ એવા દાખલા છે કે ચીફ સેક્રેટરીની સમકક્ષનો હોદ્દો ધરાવતા આઈએએસ ઓફિસરોને અનેક વખત એક્સટેન્શન મળેલું છે. આમ પણ સિંહ એ ગુજરાત સરકાર માટે કિંગ સાબિત થયેલા છે. ગુજરાતની બ્યુરોક્રેસી સાથે પણ તેઓ બેલેન્સીંગ એક્ટ પ્રમાણે કામગીરી કરી રહ્યાં છે.

**સચિવાલયમાં રોજની ૧૨૫૦૦ બોટલો જોઇએ છે...**

ગુજરાતમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકનો અંત આવી રહ્યો છે ત્યારે સચિવાલયમાં સીએમઓ, કેબિનેટના મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓના મુલાકાતી ખંડમાં મળતી પાણીની પાંચ કે દસ રૂપિયાના દરની બોટલો બંધ થવાની છે. બીજી ઓક્ટોબરથી ગુજરાત સરકાર પ્લાસ્ટીક ફ્રી સ્ટેટ માટે અભિયાન ઉપાડી રહી છે. સરકારના વહીવટી તંત્રને કહેવાની ઈચ્છા થાય છે કે, રેવા એટલે કે નર્મદા નદીનું શુદ્ધ જળ જ્યારે આપણને પીવા માટે મળતું હોય ત્યારે ખાનગી કંપનીની પાણીની બોટલની કોઈ વેલ્યુ નથી. સચિવાલયમાં તો પાણી માટે ફરી પાછા કાચના ગ્લાસ શરૂ કરી દેવામાં આવ્યા છે. આ ગ્લાસમાં નર્મદાનું જળ આપવામાં આવે છે. સરકારને કાચના ગ્લાસ માટેના ઓર્ડર વિભાગો તરફથી મળવાના શરૂ થઈ ચૂક્યાં છે. નર્મદા નહેરનું પાણી જ્યાં આપવામાં આવે છે ત્યાં પીવા માટે પ્રતિ ૧૦૦૦ લીટર પાણીનો દર બે રૂપિયા કરતાં પણ ઓછો છે. ગાંધીનગરની એક સરકારી ઓફિસમાં રોજના એવરેજ ૧૦૦ મુલાકાતી ગણવામાં આવે તો પાંચ રૂપિયાના દરની રોજની ૫૦૦ બોટલો જોઈએ, જેનો ખર્ચ ૨૫૦૦ રૂપિયા થાય છે. સચિવાલયમાં મંત્રીઓ અને અધિકારીઓની ચેમ્બરોની સંખ્યા ૫૦ ગણવામાં આવે તો રોજની ૧૨૫૦૦ બોટલો જોઈએ. એટલે કે પાંચ રૂપિયાની એક બોટલનો કુલ ખર્ચ ૨૨૫૦૦ રૂપિયા થાય છે. પીવાના પાણી માટે આટલો મોટો ખર્ચ સિગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મૂકવાથી બચી જશે.

**રામ અને પાંડવો કરતાં બમણો વનવાસ...**

રામાયણ ગ્રંથમાં લખ્યું છે કે ભગવાન રામચંદ્રને ૧૪ વર્ષનો વનવાસ થયો હતો, જ્યારે મહાભારતમાં પાંડવોને ૧૨ વર્ષના વનવાસ સાથે એક વર્ષનો અજ્ઞાતવાત આપવામાં આવ્યો હતો. આ બન્ને મહાપર્વની સરખામણીએ કોંગ્રેસનો રાજકીય વનવાસ કે અજ્ઞાતવાસ બમણો થયો છે. એટલે કે ગુજરાતમાં કોંગ્રેસ ૨૯ વર્ષથી શાસનમાં નથી. આટલા વર્ષોમાં બે થી ત્રણ વર્ષને બાદ કરીએ તો ભાજપે ગુજરાતમાં ૨૬ વર્ષ સુધી એકલા હાથે શાસન આપ્યું છે. આ શાસનમાં વિધાનસભાની છ ચૂંટણીમાં ભાજપે કેસરિયો લહેરાવ્યો છે. કોંગ્રેસની બાજી ખુદ કોંગ્રેસના નેતાઓએ બગાડી છે. ૨૦૧૭માં કોંગ્રેસની સરકાર બને તેવી શક્યતા હતી પરંતુ ચૂંટણી પૂર્વેના સપ્તાહમાં નરેન્દ્ર મોદીએ ભાજપની બાજી સુધારી લીધી હતી. છ વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન કોંગ્રેસની હારમાં નરેન્દ્ર મોદીનો સૌથી મોટો ફાળો રહ્યો છે. આ વર્ષોમાં મોદી ગુજરાતમાં અને દેશમાં મોટા થતા ગયા અને કોંગ્રેસના નેતાઓ નાના બનતા ગયા. કોંગ્રેસ મુક્ત ગુજરાતનો મોદીનો કોલ સાચો પડતો જાય છે. ગાંધીજીએ કોંગ્રેસને વિખેરી નાંખવાની સલાહ આપી હતી તેનો અમલ હવે શરૂ થયો છે. કોંગ્રેસના નેતાઓ ખુદ તેમની પાર્ટીને વિખેરી નાંખવાનું કામ કરી રહ્યાં છે. ગુજરાતમાં શરૂ થયેલી કેસરિયા લહેર આજે આખા ભારતમાં ફેલાઈ ચૂકી છે. આજે સૌથી વધુ વધુ જો કોઈ પોપ્યુલર લિડર હોય તો તે માત્રને માત્ર નરેન્દ્ર મોદી છે.